ગુજરાત સમાચાર , પાના નંબર :- ૦૨

તારીખ :- ૦૯/૦૯/૨૦૨૯

## બીજા દિવસે સવા લાખ મુસાફરો વધ્યા

# રિક્ષા-ટેક્સીના બંધથી મુસાફરો સિટી બસ અને મેટ્રો રેલના સહારે

અમદાવાદ, મંગળવાર

અમદાવાદ શહેરમાં આજે બીજા દિવસે પણ રિક્ષા અને ટેક્સીની હડતાળ યથાવત રહેતા લોકો સિટી બસ અને મેટ્રો રેલના ભરોસે ચાલી રહ્યા છે. જેને પગલે આજે કાલુપુર, વટવા અને સાબરમતી રેલવે સ્ટેશન તેમજ રાણીપ અને ગીતા મંદિર એસટી બસ સ્ટેન્ડથી ૧૦ વધારાની એએમટીએસ બસ દોડાવવામાં આવી હતી. આમ આજ સાંજ સુધી એએમટીએસ બસ, બીઆરટીએસ અને મેટ્રો રેલમાં સામાન્ય દિવસોની સરખામણીએ વધુ સવા લાખ લોકોએ મુસાફરી કરી હતી.

## સાંજ સુધી એએમટીએસમાં ૬૦ હજાર, બીઆરટીએસમાં ૩૦ હજાર, મેટ્રો રેલમાં ૩૫ હજાર મુસાફરોનો વધારો

આજે બીજા દિવસે પણ મોટી સંખ્યામાં રિક્ષા અને ટેક્સી ચાલકોએ બંધ પાળતા ગઈ કાલની જેમ સવારથી જ સિટી બસ સ્ટેન્ડ અને મેટ્રો સ્ટેશન પર મુસાફરોની કતારો લાગી હતી. ભારે ભીડના લીધે બસમાં જગ્યા ન મળતા લોકોએ કલાકો સ્ટેન્ડ પર ઉભા રહીને બીજી બસ અને મેટ્રો રેલની રાહ જોવી પડી હતી. જો કે મુસાફરોના ધસારા વચ્ચે પણ શહેરભરમાં ફક્ત ૧૦ વધારાની એએમટીએસ બસ મુકાઈ હતી. આજે પહેલી શિફ્ટમાં બપોરના ત્રણેક વાગ્યા સુધી એએમટીએસમાં ત્રીસેક હજાર, જ્યારે મોડી સાંજ સુધી કુલ ૬૦ હજાર વધુ મુસાફરો નોંધાયા હતા. સાંજ સુધી એએમટીએસને ૩૦ લાખ આવક થઈ હતી. બીજી બાજુ બીઆરટીએસમાં સરેરાશની સરખામણીએ આજે વધુ ૩૩,૪૯૫ લોકોએ મુસાફરી કરી હતી. સાંજના ૮ વાગ્યા સુધી બીઆરટીએસમાં કુલ ૧.૩૬ લાખ લોકોએ મુસાફરી કરતા તંત્રને ૧૮.૬૦ લાખ આવક થઈ હતી. આ દરમિયાન મેટ્રો રેલમાં પણ વીસેક ટકા એટલે વધુ ૩૦થી ૩૫ હજાર લોકોએ મુસાફરી કરી હતી. આમ દિવસ દરમિયાન વધુ સવા લાખ લોકોએ જાહેર પરિવહનનો આશરો લીધો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે, ત્રણેય જાહેર પરિવહન સેવામાં આજે કુલ ૧૦ લાખથી વધુ લોકોએ મુસાફરી કરી હતી.

---

## ગુજરાત યુનિ.માં આ વર્ષે પીએચડીમાં વિદ્યાર્થીઓ ઘટ્યા

અમદાવાદ,મંગળવાર

ગુજરાત યુનિ.દ્વારા આ વર્ષે પીએચડીમાં પ્રવેશ પ્રક્રિયા દોઢ મહિનો મોડી શરૂ કરાતા વિદ્યાર્થીઓ ઘટયા છે.આજે એક દિવસ રજિસ્ટ્રેશન મુદત વધારવામા આવ્યા બાદ પણ બે હજાર વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયુ છે અને ફી ભરાઈ છે.જો કે ૨૨૦૦થી વધુએ ઓનલાઈન ફોર્મ ભરી દીધા છે.ગત વર્ષે ૨૫૦૦થી વધુ વિદ્યાર્થીઓથનું રજિસ્ટ્રેશન થયુ હતું.